ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૨ ટકા

# ગ-૦ પાસે અકસ્માતમાં સ્ક્રેપના વેપારીનું મોત

## ગ-૦ પાસે બ્રિજ ચઢતા રાત્રીના સમયે ગફલતભરી રીતે હંકારતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૪

શહેરના ગ-૦ પાસે બ્રિજ ચઢતા રાત્રીના સમયે બાઈક ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી ડીવાઈડરને અથડાવી અકસ્માત સર્જયો હતો. જેમાં બાઈક સવાર નીચે પટકાતા માથા અને કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચતા સ્ક્રેપના વેપારીનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ નેનો સીટી સામે છાપરામાં રહેતા લાદુલાલ ધન્નાલાલ ગુર્જર (ઉં.૩૬ મુળ રહે અર્જુનગઢ ગામ તામ્બે તા.દેવગઢ,રાજસ્થાન), પરિવાર સાથે રહે છે અને ભંગાર લે-વેચનો વેપાર કરે છે. લાદુલાલ અને તેમનો નાનો ભાઈ પ્રકાશ ચંદ્ર અને હરદેવ પણ તેમની સાથે રહીને ભંગારનો વેપાર કરે છે. જયારે પ્રકાશ વેપારઅર્થે પોતાના ઉપયોગ માટે બાઈક નં. જી.જે.૧૮.ડી.એલ.-૮૦૫૮ નો ઉપયોગ કરતો હતો. જયારે ગઈરાત્રીએ લાદુલાલ ઘરે હતા તે સમયે તેમના સંબંધી તેમના ઘરે આવીને પ્રકાશચંદ્રને અકસ્માત થયો છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ પરિવારના સભ્યો સાથે ગાંધીનગર સિવિલ આવ્યા હતા. તે સમયે પ્રકાશચંદ્ર મૃત હાલતમાં ઈમરજન્સી વોર્ડમાં હતા. તેઓને જાણવા મળ્યું કે તેમનો ભાઈ ગઈરાત્રીએ ગ-૦ પાસે બ્રિજ ચઢતો હતો, તે સમયે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ડીવાઈર સાથે અથડાતા પ્રકાશચંદ્ર નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે અને કપાળે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ને કોલ કરતા આવી પહોંચતા સારવાર માટે પ્રકાશચંદ્રને લઈ ગયા હતા.પરંતુ હાજર તબિબે પ્રકાશચંદ્ર ચકાસીને મરણ જાહેર કર્યો હતો. ત્યારબાદ ફરીયાદી અકસ્માત સ્થળ પર જઈને જોયુ તો બાઈક રોડની સાઈડમાં તુટેલી હાલતમાં પડ્યું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



નિકેશ બ્રહ્મભટ્ટ
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



ધર્મિષ્ઠા રાઠોડ



વૈદ્ય વર્ષાબેન ભટ્ટ



વૈશ્વવી અરવિંદકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૦ ૦૦૯૩૨



એસ એસ પટેલ



હેનિલ આર ગજ્જર
મો. ૯૯૭૮૯ ૩૧૩૧૧

## સરગાસણ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૪

સરગાસણ ટીપી-૯ શિક્ષાપત્રી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલ ભાગવત કથાનો આજે વિરામ થશે. બપોરે ૨ થી ૬ કલાક સુધી શ્રી ભારતીબાપુ કથાનું ગાન અને રસપાન કરાવશે અને રાત્રે ૮.૩૦ કલાકે હનુમાનજી મહારાજના આર્શીવાદ રૂપી સુંદરકાંડ પાઠ યોજાશે. પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૌ નગરજનોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સિવિલમાંથી બાઈકની ઉઠાંતરી

### બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૪

શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ કેમ્પસમાંથી આંતરે દિવસે વાહન ચોરી થાય છે. વાહન ચોરી માટે સિવિલ હોસ્પિટલ ચોર શખ્સો માટે પસંદગીનું સ્થળ બની જવા પામ્યું છે. ત્યારે ફરીવાર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગની સામે વડ નીચેથી બાઈકની ચોરી થઈ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધમાસણા ગામના મુકેશ પશાભાઈ વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે અને કડીયાકામ કરીને પરિવારનુ ગુજરાન ચલાવે છે. ત્યારે મુકેશભાઈ પોતાના અને કડીયાકામ આવન જાવન માટે હીરો સ્પ્લેન્ડર કાળાકલરનું બાઈક નં.જી.જે.૧૮.સી.ડી.-૭૧૮૦નો ઉપયોગ કરે છે. ત્યારે ગત તા. ૨ ના રોજ સાંજના સુમારે દિપક પોતાના મોટાભાઈને સારવાર માટે એડમીટ કર્યા હોવાથી તેમની દેખરેખ માટે તેઓ આવ્યા હતા. દિપકે બાઈક તાત્કાલીક વિભાગની સામે વડ નીચે પાર્ક કર્યું હતું. પરંતુ બીજે દિવસે સવારે ૬ વાગે ચા પીવા માટે નીચે આવ્યા હતા. તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી સિવિલ કેમ્પસ તેમજ આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા દિપક રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

## જિલ્લા રેડક્રોસના સહયોગથી સમર્પણ કોલેજમાં રકતદાન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેકટર-૨૮ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦ યુનિટસ રકત એત્રકિત થયું હતું. આ સાથે થેલેસેમિયા કેમ્પમાં કુલ ૮૮ વિદ્યાર્થીઓના સેમ્પલો લેવાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન કોલેજ તરફથી પ્રિન્સીપાલ દિપકભાઈ પંડયા, જિલ્લા રેડક્રોસની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.



## જયપ્રકાશ વિદ્યાલયમાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ વિતરણ

ગાંધીનગર, તા.૪

જયપ્રકાશ વિદ્યાલય ખાતે સરકાર દ્વારા વિદ્યાર્થીનીઓ માટે ચાલતી સરસ્વતી સાધના યોજના અંતર્ગત ૧૯ સાયકલો આપવામાં આવી હતી. જેનું વિતરણ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને કરવામાં આવ્યું હતું.




કડજોદરા તા. દહેગામ ખાતે તાલુકા પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ શિબિર માં ચેરમેને જીલ્લા ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ, ચેરમેન શિક્ષણ સમિતિ, તાલુકા સદસ્યશ્રીઓ, સરપંચશ્રી ઉપસ્થિત રહ્યા હતા.



એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં આદિવાસી નૃત્ય હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ ગીતો ઉપર સુંદર નૃત્ય રજૂ કર્યા હતા.

## બાપુ કોલેજમાં ગુજકોસ્ટ વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૪

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા ગુજકોસ્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને બાંધકામ ઉદ્યોગમાં વ્યૂહાત્મક પર્યાવરણીય મુલ્યાંકનની ભૂમિકા, તેની પ્રતિકૂળ અસરો સાથે ટકાઉ વિકાસ અને આબોહવાના પરિવર્તનના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં આશરે ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનું સંચાલન પ્રો. જય પંડયા અને પ્રો. હર્ષરાજસિંહ ગોહિલે કર્યુ હતું. જ્ઞાનમાં વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેકટર પ્રો.રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુએ સમગ્ર સિવિલ એન્જિનિયરિંગ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

## સરકારી ઈજનેરી કોલેજ ખાતે મેટલર્જી ફોર ઓલ સાપ્તાહિક ઓનલાઈન ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનુ આયોજન

ગાંધીનગર, તા.૪

મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે ડીરેક્ટર ઓફ ટેકનિકલ એજયુકેશન દ્વારા મંજૂર અને ગુજકોસ્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલૉજી, ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત ''મેટલર્જી ફોર ઓલ'' ૨૦૨૨ યોજાઈ હતી.જેમાં મુખ્ય અતિથિ તરીકે દિનેશ દાગાએ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમાપન કાર્યક્રમમાં **ITM Universe** ના ડો. કે. બાબા પાઈ હાજર રહી સર્વે માટે મેટલર્જીના જ્ઞાનની જરૂરિયાત સમજાવી હતી. સંસ્થાના આચાર્યા ડૉ.એસ. પી. દવેએ વિવિધ ઈજનેરી શાખામાં ધાતુઓના મહત્વ, ડો. આઈ. બી. દવેએ કાર્યક્રમની રૂપરેખા આપી અને વિભાગની માહિતી આપી હતી. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો એચ. એચ. જાદવ તથા બી. આર. રાણા ના જણાવ્યા પ્રમાણે આ પ્રોગ્રામમાં મેટલર્જી ઈજનેરીના વિવિધ વિષયોનું તજજ્ઞો દ્વારા વિશ્લેષણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાપ્તાહિક કાર્યક્રમમાં ગુજરાત ની સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનીત ઈજનેરી કોલેજોના વિવિધ વિધ્યાશાખાના અધ્યાપકોએ તાલીમ મેળવી હતી.





સમ્યક વુમન્સ કલબ દ્વારા ઓરીએન્ટ કલબમાં વુમન્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વર્ગીય લતા મંગેશકરના ગીતો બહેનો દ્વારા ગવાયાં હતાં. તથા સ્ટેજ પરફોર્મન્સ કરી તેમની એકટીગ બહેનો કરી હતી અને વિતેલા જમાનાની યાદોને તાજી કરવામાં આવી હતી.

## શહેરના અશોકભાઈ દવેએ અનાથ આશ્રમના બાળકો સાથે જન્મદિવસ ઉજવ્યો



ગાંધીનગર, તા.૪

અર્જુનપુરા ગામમાં શિવમ અનાથાલયના બાળકો સાથે અશોકભાઈ દવેએ પોતાના જન્મ દિવસની ઉજવણી કરી હતી. જેમાં બાળકોને પીઝા ખવડાવીને આનંદ અનુભવ્યો હતો. તેઓ છેલ્લા ૮ થી ૧૦ વર્ષથી આ જ રીતે જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે.

## રવિવારે સે-૧૨માં બલરામ મંદિરે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. માર્ચ માસની પુસ્તક પરબ ગાંધીનગરના સેક્ટર - ૧૨માં ઉમિયા મંદિર પાસેના બલરામ મંદિરે તા. ૬ઠ્ઠી માર્ચ, રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરીને આવવાનું રહેશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક / સામયિક વાંચવા લઈ જઈ શકશે.

પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક - બે વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિ:શુલ્ક ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન્ સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## વી.એમ. પટેલ અને એચ.વી. પટેલ બાલમંદિરમાં વેશભૂષાનું આયોજન



ગાંધીનગર, તા.૪

શ્રી વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી પટેલ કન્યા બાલમંદિરનાં નર્સરી જુ.કેજી અને સિ.કેજી ના બાળકો માટે વેશભૂષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ડોકટર, પોલીસ, આર્મી, પોસ્ટમેન, દરજી, બ્યુટીશીયન, કુંભાર, શિક્ષક, માળી, ખેડૂત, શાકભાજી, દૂધવાળા, ફુગ્ગાવાળા, મોબાઈલ સ્ટોર, મેડીકલ સ્ટોર, રમકડાં સ્ટોર વગેરે પાત્રોનો અભિનય કર્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકો પ્રેક્ટીકલ દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ મેળવે તે હતો. ડાયરેક્ટર કિરણબેને દરેક બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## બાગાયતદાર ખેડુતોએ વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા ઓનલાઈન અરજી કરવા જોગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવાની અરજી કરવા માટે તા.૩૦ એપ્રીલ ૨૦૨૨ સુધી **i-khedut portal** ખુલ્લુ મુકવામાં આવ્યું છે, તેવું નાયબ બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે. જિલ્લાના બાગાયત ખાતાના યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડુતોએ **i-khedut portal (web site : www. ikhedut. gujarat.gov.in)** માં જણાવેલ સમય દરમ્યાન પોતાના ગામના ઈ ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટ ઉપરથી ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને લાભ લેવા સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ જરૂરી સાધનીક કાગળો દિન-૭ માં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી,પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે અચુક જમા કરાવવાના રહેશે. લાભાર્થીની ઓનલાઈન અરજી, ૭/૧૨ અને ૮-અ ની નકલ મળ્યા બાદ જ અત્રેથી લાભાર્થીની અરજીને મંજુર કરવામાં આવશે. આ અરજીઓ ઉપરોક્ત કચેરીના સરનામા પર રજુ કરવા જણાવ્યું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. સોલંકી શાન્તાબેન માધાભાઈ, ઉ.વ. ૮૫, આલમપુર
- સ્વ. ઓડ મશરૂભાઈ ધુળાભાઈ, ઉ.વ. ૭૯, પેથાપુર
- સ્વ. પટેલ અંબાલાલ છબાભાઈ, ઉ.વ. ૮૮, સેકટર-૨૧
- સ્વ. ગજ્જર જીતુભાઈ બલદેવભાઈ, ઉ.વ. ૬૭, પેથાપુર
- સ્વ. પરમાર રાજુજી ચંદુજી, ઉ.વ. ૩૦, ડભોડા
- સ્વ. કલીરા અરવિંદભાઈ દેવાભાઈ, ઉ.વ. ૩૪, સે-૧૩, છાપરાં
- સ્વ. ઝાલા લીલાબેન પ્રવિણસિંહ, ઉ.વ. ૯૦, પીંપળજ

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ. પટેલ જીવાભાઈ સાંકળચંદ, ઉ.વ. ૭૯, સરગાસણ
- સ્વ. જોષી કાંતાબેન કાંતીલાલ, ઉ.વ. ૮૨, સરગાસણ

## સાર્થક ફાઉન્ડેશન દ્વારા મહિલા દિવસ-૨૦૨૨ની ઉજવણીનું આયોજન

### મહિલાઓ માટે વિવિધ મનોરંજક રમતો અને સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૪

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ-૨૦૨૨ને અનુલક્ષીને ગાંધીનગરના સાર્થક ફાઉન્ડેશન દ્વારા મહિલાઓ માટે એક વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત તા.૮મી માર્ચ મંગળવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન સેક્ટર-૭માં શ્યામજી કૃષ્ણવર્મા પાર્ક ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા મુખ્ય અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે.

વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત સાર્થક ફાઉન્ડેશન દ્વારા આયોજિત મહિલા દિવસ-૨૦૨૨માં વિવિધ મનોરંજક રમતો જેવી કે બલૂન ગ્લાસ ગેમ, કેક ઝેક ગેમ, મ્યુઝિકલ ચેર ઉપરાંત કરાઓકે સિન્ગિંગ અને વેશભૂષા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગાંધીનગરની દિકરીઓ-મહિલાઓ વિના મૂલ્યે ભાગ લઈ શકશે. આ રમતોની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે ફોર્મ મેળવવાની તારીખ ૩જી માર્ચથી ૭મી માર્ચ સુધીની રહેશે. ફોર્મ મેળવવાનું સ્થળ શ્યામજી કૃષ્ણ વર્મા પાર્ક બ્લોક નં.૩/૩૦૩, સેક્ટર-૭, ગાંધીનગર અથવા મોબાઈલ નં.૮૦૦૦૮ ૩૭૮૨૬ ઉપર સંપર્ક સાધવો. સાર્થક ફાઉન્ડેશન દ્વારા આયોજિત મહિલા દિવસ-૨૦૨૨ની ઉજવણીમાં વધુને વધુ મહિલાઓએ ભાગ લેવા સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.



આત્મા પ્રોજેકટ ગાંધીનગર દ્વારા તારીખ ૨૩ ફેબ્રુઆરીથી ૪ માર્ચ દરમિયાન ગુરુકુળ કુરુક્ષેત્ર હરિયાણા ખાતે આયોજીત રેલી આંતર રાજય તાલીમ પ્રેરણા પ્રવાસમાં ગાંધીનગર જલ્લાના પ્રગતિશીલ ખેડૂતોએ ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે પ્રાકૃતિક ખેતીનું પ્રત્યક્ષ માર્ગદર્શન મેળવ્યું હતું અને વિગતવાર માહિતી મેળવી હતી.